


૧૦૮ ઈમરજન્સી સેવાની ૧૨મી વર્ષગાંઠની ઉજવણી ગુરુવારના રોજ જીએમઈઆરએસ મેડીકલ કોલેજના હોલ ખાતે બપોરે ૨ કલાકે યોજાઈ હતી. આ પ્રસંગે રાજયની વિવિધ ઈમરજન્સી સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે ૧૨ વર્ષની ઉજવણીના કાર્યક્રમમાં ૧૦૮ સહિત આરોગ્ય સંજીવની, ખિલખિલાટના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ગાંધીનગરથી હરદ્વાર ટ્રેનની શરૂઆત

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં હાલમાં જ હરિદ્વારની ટ્રેન શરૂ થઈ છે જેને કારણે શહેરીજનોને હવે સરળતા રહેશે. ગાંધીનગર કેપિટલ વિસ્તારમાં ફાઈવ સ્ટાર હોટલ બનાવવવાનું કામ ચાલી રહ્યુ છે. જેના લીધે કેપીટલ સ્ટેશન પર રોજબરોજ અવરજવર કરતી ટ્રેઈનો પણ લાંબા સમયથી બંધ છે. હોટલની સાથે સ્ટેશનનો પણ વિકાસ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. છેલ્લા ઘણા સમયથી હરિદ્વાર અને મુંબઈ સહિતના રૂટોની ટ્રેઈનો બંધ હોવાથી રેલયાત્રીકોને હાલાકી વેઠવી પડતી હતી. સ્ટેશન વિસ્તારમાં હાલ હોટલ બનાવવાની કામગીરી ચાલુ છે ત્યારે જરૂરી ટ્રેઈન સુવિધા પણ શરૂ કરવા લાંબા સમયથી માંગ ઉઠવા પામી હતી.

અગાઉ સ્થાનિક જનતા દ્વારા પણ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગર થઈને હરિદ્વાર જતી ટ્રેઈનનો પણ મોટી સંખ્યામાં મુસાફરો લાભ લે છે. જ્યારે હવે રેલવે વિભાગ દ્વારા હરિદ્વારના રૂટની ટ્રેઈન ગાંધીનગર સ્ટેશનના ટ્રેક પર ફરી દોડતી થશે. થોડા સમય અગાઉ ગાંધીનગર રેલવે સ્ટેશન પર ભાવનગરની પણ નવી ટ્રેન શરૂ કરવામાં આવી છે. કેપિટલ સ્ટેશને અન્ય રૂટની વધુ ટ્રેનો ફાળવવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે. સ્ટેશન વિસ્તારમાં આકાર લેતી ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનું કામ પણ ઝડપથી પુરૂ કરવા સૂચના આપવામાં આવી છે. ત્યારે બીજી તરફ હોટલની કામગીરી પૂર્ણ થયા બાદ કેપીટલ સ્ટેશનને નવી ટ્રેન મળે તેવી આશા પણ છે. છેલ્લા ઘણા સમયથી હરિદ્વારની ટ્રેન શરૂ થતા મુસાફરોને રાહત થશે પરંતુ નવી ટ્રેન શરૂ કરવાના મામલે પણ ત્વરિત આયોજન થાય તેવી પ્રબળ માંગ છે.

# દહેગામની પ્રાથમિક કન્યા શાળાના આચાર્ય વિદેશથી કયારે આવશે..?

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતની ભાજપ સરકાર બેટી ભણાવો અને કન્યા કેળવણીની વાતો કરે છે. જયાંથી શિક્ષણને લગતા કાયદાઓ ઘડાય છે, ત્યાં જ શિક્ષણના કાયદાના લીરેલીરા ઉડી રહ્યા છે. જિલ્લાના દહેગામની પ્રાથમિક કન્યા શાળાના આચાર્ય વિદેશમાં મ્હાલી રહ્યા છે અને છ છ માસની રજાઓ વિદેશથી મંજુર થાય છે તેવુ તો આ ડિજીટલ યુગમાં જ થઈ શકે છે. ત્યારે દહેગામની પ્રાથમિક કન્યા શાળામાં અભ્યાસ કરતી ૪૫૦ વિદ્યાર્થીનીઓના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. નાની બાળાઓ પણ આચાર્યની કાગડોળે રાહ જોઈ રહી છે. આ અંગે જાગૃત નાગરીકોએ અનેકવાર જિલ્લા પ્રાથમિક નિયામકને પણ લેખિત અરજી કરી જાણ કરવામાં આવી છે. તેમ છતા દિવા તળે અંધારા જેવી સ્થિતિનું નિર્માણ પામ્યું છે. ત્યારે દહેગામના એક જાગૃત નાગરીકે આ અંગે ઉચ્ચકક્ષાએ પણ લેખિત ફરીયાદ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દહેગામની પ્રાથમિક શાળાના આચાર્ય જિલ્લાફેરમાં બદલી કરાવીને દહેગામ ખાતે આવ્યા છે. ત્યારબાદ ગતવર્ષ તા. ૧૮-૧-૨૦૧૮ થી તા.૨૬-૬-૨૦૧૮ સુધી ૬ માસની રજા મંજુર કરાવી વિદેશ ગયા છે. ત્યારબાદ જે તે તારીખે પરત ફરીને નોકરીએ હાજર થવાની જગ્યાએ આચાર્ય બહેને વિદેશથી જ સેટીંગ ડોટકોમ કરીને વધુ ૬ માસની રજા મંજુર કરાવી હોવાનું ચર્ચાયું હતું. ત્યારબાદ એક વર્ષની લાંબી રજા લીધા બાદ આચાર્ય તા. ૭-૧-૧૯ નારોજ શાળામાં હાજર થયા હતા. શાળાના પ્રાણ પ્રશ્નો પુરા કરીને પરત વિદેશ ગયા છે. આજદિન સુધી તેઓ વિદેશમાં જ છે. તેમની આટલી બધી રજાઓ કેવી રીતે મંજુર થાય છે તે પ્રશ્ન દરેકને સતાવે છે. હાલના સમયે શાળાનું જુનુ મકાન તોડી પડાયું છે.કાટમાળ નીચે પગદંડી માર્ગ દબાઈ ગયો છે. શાળાનું કામ જયા છે ત્યાં જ અટકીને પડ્યુંછે.આચાર્ય દ્વારા વિદ્યાર્થીનીઓ માટે ટ્રાન્સપોર્ટેશનને લઈ કોઈ કાર્યવાહી કરી નથી. શાળાની બાળાઓ હજુસુધી ટ્રાન્સપોર્ટેશનથી વંચિત છે. તેની સીધી અસર શાળાની હાજરી પર પડે છે. ત્યારે આ અંગે ઉચ્ચકક્ષાએથી યોગ્ય થાય તેમ જાગૃત નાગરીકો ઈચ્છી રહ્યા છે. ત્યારે ફરજ પ્રત્યે ઘોર બેદરકારી રાખવા અંગે આચાર્ય સામે તંત્રએ લાલ આંખ કરવાની જરુરીયાત ઉભી થઈ હોય તેમ લાગી રહ્યું છે.

## કોલવડા ગામથી જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાંથી જુગાર રમતા ચાર શકુનીઓને પેથાપુર પોલીસે રંગે હાથ પકડી પાડ્યા છે. પોલીસે રૂ. ૪૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સાથે રહેલા જવાનોને બાતમી મળી હતી કે કોલવડા ગામે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડીને જુગાર રમતા મહેશ બાબુજી ઠાકોર, દશરથ બચુજી ઠાકોર, મહેન્દ્રસિંહ રણજીતસિંહ અને લક્ષ્મણ મનુજી ઠાકોરને ઝડપી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રોકડા રૂ. ૭૦૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ. ૩૪૦૦ કુલ રૂ.૪૧,૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પેથાપુર પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે ડૉ. આંબેડકર હોલ ખાતે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ વિજ્ઞાનલક્ષી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ દ્વારા વિવિધ વિજ્ઞાન સંબંધી કાર્યક્રમોનું રાષ્ટ્રીય કક્ષાએ આયોજન કરવામાં આવે છે. દર વર્ષે મ્યુઝીયમ દ્વારા નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ નાટક દ્વારા વિજ્ઞાનની રજુઆત કરશે. આ વર્ષે ૩૦મી ઓગસ્ટના રોજ સવારે ૭ કલાકથી ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા ડૉ. આંબેડકર ભવન સે-૧૨ ખાતે યોજાશે. આ વર્ષે સાયન્સ ડ્રામાની થીમ સાયન્સ એન્ડ સોસાયટી છે.

ગાંધીનગર જિલ્લાની જુદી જુદી ઉચ્ચ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ વિકલ્પમાંથી પસંદ કરેલા વિષયે નાટક રજુ કરીને વૈજ્ઞાનિક જાગૃતતાનો સંદેશો આપશે. આ નાટકનો સમયગાળો વધુમાં વધુ ૩૦ મિનિટનો રહેશે. આ નાટકમાં વધુમાં વધુ આઠ પાત્રોનો સમાવેશ કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ નાટક રાજયકક્ષાની સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને પરિપત્ર મોકલવામાં આવ્યા છે. વધુમાં વધુ શાળાઓ આ સ્પર્ધામાં ભાગ લે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

# વિધાનસભાની વિવિધ સમિતિઓની રચના

- રાજેન્દ્ર ત્રિવેદી - નિયમો માટેની સમિતિ અને ગ્રંથાલય સમિતિ (હોદ્દાની રૂએ)
- ડો. નીમાબેન આચાર્ય - અંદાજ સમિતિ
- પૂંજાભાઈ વંશ - જાહેર હિસાબ સમિતિ
- બાબુભાઈ બોખીરીયા - જાહેર સાહસો માટેની સમિતિ
- રમણ પટેલ - પંચાયતી રાજ સમિતિ
- રાધવજી પટેલ - બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ
- પૂર્ણેશ મોદી - ગૌણ વિધાન સમિતિ
- પ્રદીપ પરમાર - અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ
- વલ્લભ કાકડીયા - સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ
- મોહન ઢોડિયા - અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ
- મહેશ રાવલ - સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ
- હર્ષ સંઘવી - સદસ્ય નિવાસ સમિતિ
- મુકેશ પટેલ - સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો માટેની સમિતિ

## પેથાપુર પોલીસ ધનજી ઓડને પુછપરછ માટે બોલાવશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામના ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતા તાજેતરમાં ઘણા બધા વિવાદોમાં ફસાયા છે. ત્યારે બોટાદના ગઢડા સ્વામી નાગજીપરા ખાતે રહેતા ભીખાભાઈ નારણબાઈ માણીયાએ પેથાપુર પોલીસ મથકે અરજી કરી છે. જેમાં તેમનો દાવો છે કે ઢબુડી માતાના કહેવાથી તેઓએ તેમના પુત્રની કેન્સરની દવા બંધ કરી દીધી હતી. જેથી તેઓએ પુત્ર ગુમાવવાનો વારો આવ્યો છે. આ અંગે પેથાપુર પોલીસે ભીખાભાઈની અરજી લઈ તેઓનું નિવેદન નોંધી લેવામાં આવ્યું છે.જયારે ટુંક સમયમાં પેથાપુર પોલીસ પ્રાથમિક તપાસ કરીને ઢબુડી માતા ઉર્ફે ધનજી ઓડને સમન્સ પાઠવીને પુછપરછ માટે બોલાવીને આગળની કાર્યવાહી હાથ ધરશે.

# બીસીએ કોલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટસ્ટડીઝ દ્વારા આ કોલેજમાં ચાલુ વર્ષે એડમિશન મેળવ્યું



હોય તેવા સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે વાલી-સંમેલન સેકટર-૨૩ના કોલેજ કેમ્પસ ખાતે યોજાયું જેમાં ૩૫૦ કરતાં વધારે વાલી મિત્રોએ સંમેલનમાં હાજરી આપી હતી. બીસીએમાં જ્યારે તેઓએ એડ્મિશન લીધું છે ત્યારે ટેક્નોલોજીનો બૃહદ ઉપયોગ કરીને પોતાના જીવનમાં આગળ વધવા અને સફળતાની સીડીઓ સર કરવા તેઓ માટે આ ક્ષેત્રમાં કેટલી તકો રહેલી છે તેની વિસ્તૃત માહિતી અને કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના ઉત્થાન માટે કરવામાં આવતા પ્રયત્નો વિષેની માહિતી કોલેજના પ્રાધ્યાપક મિત્રો દ્વારા વાલીઓ અને વિદ્યાર્થી મિત્રોને આપવામા આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રો. રૂપેશ વ્યાસના સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવી હતી. સાથે સાથે કોલેજના ડિરેક્ટર ડો. સંજય શાહ દ્વારા વાલીઓને કોલેજમાં સ્થાપિત થયેલી મેન્ટરીંગ સિસ્ટમ, શિસ્ત, મિડ ટર્મ તથા યુનિવર્સિટિની પરીક્ષા પદ્ધતિ, યુનિવર્સિટી દ્વારા આપતી સ્કોલરશીપ, પ્રેક્ટિકલ, પ્રોજેકટ વર્ક ઉપરાંત કોલેજમાં દરેક સેમેસ્ટરમાં યોજાતા સેમિનાર, વર્ક શોપ અને સમયાંતરે યોજાતી ઈંડસ્ટ્રી વિઝિટની માહિતી પણ તેઓને આપવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન નિમેશ રાવલે પોતાની રસાળ શૈલી દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને જીવનમાં સકારાત્મક અભિગમ સાથે આગળ વધવા હાકલ કરી હતી. અતિથિ વિશેષ ડો. અજય ગોરે વિદ્યાર્થીઓને પોતાની જાત પર ભરોસો રાખીને ઉચ્ચ અભ્યાસની જરૂરિયાત કેટલી છે તેના પર પ્રકાશ પડ્યો હતો. વાલીઓ દ્વારા પૂછાયેલા અભ્યાસલક્ષી અને સર્વાંગી વિકાસ લક્ષી વિવિધ પ્રશ્નોનાં ડો. સંજય શાહ દ્વારા જવાબો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે ડો. અભિજીતસિંહ જાડેજા દ્વારા આભારવીધી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા પોતાની આગવી શૈલીમાં કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં ૮ ઈલેક્ટ્રિક બસોને લીલીઝંડી

**બેટરી ઉતરી જશે તો રાણીપ ચાર્જિંગ બસ સ્ટેશને રોબોટ દ્વારા નવી બેટરી મુકાશે : શરૂમાં ૫૦ ઈલેક્ટ્રિક બસ હશે**

અમદાવાદ, તા.૨૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ જનમાર્ગ લિ. દ્વારા ગ્રીન અને ક્લિન જાહેર પરિવહન પૂરૂં પાડવાના પ્રયાસરૂપે નવી આઠ ઈલેકટ્રીક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તો, અમિત શાહે રાણીપમાં બનેલા ઓટોમેટિક બેટરી સ્વેપ સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યુ હતું. લોકાર્પણ થતાં હવે શહેરમાં ૧૮ ઈલેક્ટ્રિક બસો દોડાવાશે. જ્યારે આગામી બે મહિનામાં બાકીની ૩૨ બસો આવશે. આમ, પ્રારંભિક તબક્કે શહેરમાં ૫૦ ઈલેકટ્રીકટ બસો દોડાવાશે. બાદમાં મેયર શ્રીમતી બીજલબહેન પટેલ અને મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ ઈલેકટ્રીક બસમાં મુસાફરી કરી પર્યાવરણ જાળવણીનો અનોખો સંદેશો આપ્યો હતો. કેન્દ્ર અને ગુજરાત સરકાર મળેલા નિર્દેશ મુજબ, કુલ ૫૦ ઈલેકટ્રીક બસોને ગ્રોસ કોસ્ટ મોડલ પર લેવામાં આવશે. આ તમામ બસો ૫૦ મુસાફરોની ક્ષમતાવાળી એસી બસો છે. આ બસોને કારણે વાયુ અને ધ્વનિ પ્રદૂષણ ફેલાતું




પણ અટકશે. આ બસોમાં સુરક્ષા માટે ઓટોમેટિક ફાયર ડિટેક્શન એન્ડ સપ્રેશન સિસ્ટમ પણ લાગેલી હશે. જેથી બેટરીમાં આગ લાગવાના કારણે થતી દુર્ઘટના અટકાવી શકાશ તેમજ ઓટોમેટિક ડોર સેન્સરને કારણે બસના દરવાજા ખુલ્લા હોવાની સ્થિતિમાં બસ ચાલી શકશે નહીં. આ ૫૦ બસો પૈકી ૧૮ બસોમાં બેટરી સ્વેપ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે ભારતભરમાં પ્રથમવાર અમલમાં આવી છે. સ્વેપ ટેકનોલોજી ધરાવતી બસમાં એકવાર સ્વેપ કરવાથી ૪૦ કિલોમીટર જેટલી મુસાફરી કરી શકાય છે. વધુમાં અન્ય ૩૨ બસોમાં ફાસ્ટ ચાર્જિંગ ટેકનોલોજીનો ઉપયોગ પણ કરવામાં આવશે. જેમાં પ્રતિ ચાર્જ દીઠ ૨૦૦ કિલો મીટરની મુસાફરી કરી શકાશે. તો, આ ઈલેક્ટ્રીક બસોમાં આગળ અને પાછળની સાઈડે સીસીટીવી કેમેરા પણ લાગેલા હશે, જે દરેક હરકત પર નજર રાખી શકશે. ઈ-બસના ચાર્જિંગ માટે ફાસ્ટ ચાર્જિંગ અને સ્વેપ ચાર્જિંગ એમ બે પદ્ધતિ વિશ્વમાં પ્રચલિત છે.

ભારતમાં પ્રથમવાર ઉપયોગમાં આવનારી સ્વેપ ટેક્નોલોજીથી તંત્ર દ્વારા બીઆરટીએસ કોરિડોરમાં દોડનારી તમામ ઈલેકટ્રીક બસની રોબોટ દ્વારા બેટરી બદલવામાં આવશે. જ્યારે પણ કોઈ બસની બેટરી ૨૦ ટકાનું માપ બતાવે ત્યારે તે ઈલેક્ટ્રિક બસ રાણીપના ચાર્જિંગ બસ સ્ટેશને પહોંચી ડિસ્ચાર્જ થયેલી બેટરીને રોબોટ દ્વારા બદલી નવી બેટરી ફિટ કરી દેવાશે. ત્યારબાદ આ રોબોટ ડિસ્ચાર્જ થયેલી બેટરીને ઓટોમેટિકલી ચાર્જિંગમાં મૂકી દેશે.

# અડાલજ પોલીસે વિદેશી દારુ ભરેલી કાર ઝડપી

અડાલજ થી ઝુંડાલ તરફ જતા માર્ગ પરથી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો છે. અડાલજ પોલીસે ૧૭૭ બોટલ દારુ ઝડપી પાડ્યો છે. અડાલજ પોલીસે દારુનો જથ્થો સહિત કુલ રૂ.૧.૬૨ લાખની કિંમતનો મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડીને પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસના જવાનો રાત્રીના સમયે અડાલજ-ઝુંડાલ એફસીઆઈ ગોડાઉન નજીક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે અચાનક પુરપાટ ઝડપે ગાડીએ હંકારતા પોલીસના કર્મચારીઓને કાર શંકાસ્પદ લાગતા કારનો પીછો કરીને કાર નં. જી.જે.૩.એ.બી.-૨૩૭૪ રોકાવી હતી અને અંદર બેઠેલા બે વ્યકિતઓને તેમના નામ પુછતા તેઓએ અમિત મહેશ પરમાર બી.-૩ મેર રેસીડન્સી ભરત નગર ભાવનગર મુળ.રહે.મુળી તા.જી.સુરેન્દ્રનગર અને વિક્રમ ભગવાન બલીયા રહે. આઝાદનગર, કાચા છાપરા ભાવનગર, રામ મંત્રની સામે તળાજા રોડ તા.શિહોર ભાવનગરને પકડી પાડયા હતા. પોલીસે કારની ચકાસણી કરતા અંદર રહેલી ૧૭૭ બોટલ કિં.રૂ. ૫૬,૬૪૦ તેમજ રૂ. ૧ લાખની કાર મળીને કુલ રૂ. ૧,૬૨,૨૪૦ લાખ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'ફીટ ઈન્ડિયા' મુવમેન્ટ સંદર્ભે કાર્યક્રમોનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૨૯

આજે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રેરિત 'ફીટ ઈન્ડિયા' મુવમેન્ટ કાર્યક્રમનું લોન્ચિંગ નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગનું સીધુ પ્રસારણ દૂરદર્શનના માધ્યમથી સમગ્ર દેશના નાગરિકોએ નિહાળ્યું હતું. આવી અનોખી જીવનકેન્દ્રી ચળવળ સફળ બને તે હેતુથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેમાં યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ, કા. કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિ, અધ્યાપકો, સમગ્ર સ્ટાફ પરિવાર અને વિદ્યાર્થીઓએ સાથે મળીને લોન્ચિંગ કાર્યક્રમનું સીધું પ્રસારણ નિહાળ્યું હતું. ત્યારબાદ કુલપતિ હર્ષદભાઈ શાહે પ્રધાનમંત્રીએ આપેલા વિચારને સાકાર કરવા સૌને આહવાન કર્યુ હતુ. તેમણે પ્રસંગોચિત વકતવ્ય આપતાં જણાવ્યું હતું કે શરીર, મન, પ્રાણ અને આત્મા એમ બહુવિધ આયામોનું સર્વાંગીણ સ્વાસ્થ્ય સિદ્ધ કરવું જોઈએ જેની શરૂઆત આપણે કરવાની છે. આપણે સૌએ સાથે મળીને આ મુવમેન્ટને સફળ કરવા તન અને મનથી પ્રયાસ કરવા જોઈએ.

કાર્યક્રમ બાદ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. રેલીનું પ્રસ્થાન કુલપતિએ કરાવ્યું હતું. રેલી યુનિવર્સિટી કેમ્પસથી નીકળીને છ-૫, ચ-૫ અને ઘ-૫ સર્કલ થઈને પરત ફરી હતી. રેલીમાં સૌ સાથે મળીને ૧૦૦૦૦ કરતાં વધારે કદમ ચાલીને સ્વસ્થતા માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા 'સ્વસ્થ ભારત-સ્વચ્છ ભારત', તન સ્વસ્થ-મન સ્વસ્થ ચલેગા ઈન્ડિયા-બઢેગા ભારત, તેજસ્વી બાળક-તેજસ્વી ભારત, તંદુરસ્ત બાળક-તંદુરસ્ત ભારત જેવા સૂત્રો પોકારીને લોકજાગૃતિનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમના મુખ્ય સંયોજક ડૉ. નીલેશ પંડ્યા હતા.

# ટેક્ષ્ટાઈલ બજારમાં ભારતનું ૫.૬ અબજ ડોલરનું ટાર્ગેટ

ધ વાઈબ્રન્ટ ટેરી ટોવેલ ગ્લોબલ એક્સપો એન્ડ સમીટ-૨૦૧૯ આગામી ૨૫મીથી ૨૭મી સપ્ટેમ્બર દરમ્યાન મહારાષ્ટ્રના સોલાપુર ખાતે યોજાશે. જેમાં કપાસ ઉગાડનારા અને ઉત્પાદકોથી ટ્રેડરો, નિકાસકારો અને આયાતકારો ટેરી ટોવેલ ઉત્પાદકો માટે માર્કેટિંગ અને નિકાસની તકોનો લાભ લેવા અને ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચેનું અંતર દૂર કરવા માટે અજોડ મંચ પર એકત્ર આવશે. ધ વાઈબ્રન્ટ ટેરી ટોવેલ ગ્લોબલ એક્સપો એન્ડ સમિટ ૨૦૧૯ કર્મવીર અપ્પાસાહેબ કદાદી સાંસ્કૃતિક ભવાવ, સિદ્ધેશ્વર સહકારી શુગર ફેકટરી વિસ્તાર, હોટગી રોડ, સોલાપુર, મહારાષ્ટ્ર ખાતે યોજાશે. ટેકસટાઈલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા ગ્લોબલ નેટવર્ક (ઈન્ટરનેશનલ ટ્રેડ એડવાઈઝર) સાથે સહયોગમાં આયોજિત અને સહકાર, માર્કેટિંગ અને ટેકસટાઈલ મંત્રાલયના ટેકાથી યોજાનારા આ પ્રદર્શનમાં વિવિધ પ્રકારના ટુવાલ સાથે અજોડ જેકર્ડ ગૂંથણ કરેલા ટેરી ટુવાલ અને અન્ય બાથ લિનેન પ્રોડક્ટો પ્રદર્શિત કરાશે, જે વૈશ્વિક સ્તરે વેપાર કડીઓ જોડવામાં મદદરૂપ થશે એમ ટીડીએફના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજેશ ગોસ્કીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક ખરીદદારો મહારાષ્ટ્રના ચુનંદા પુરવઠાકારોને મળશે, જેથી તેમની આગામી પ્રાપ્તિના સોદા અને ખાનગી લેબલો પર વાટાઘાટ કરી શકશે. આ સમીટ ઉત્પાદકો અને ખરીદદારોને એક મંચ પર લાવવા સાથે સહભાગીઓ સાથે ચર્ચા અને આદાનપ્રદાન સત્રો થકી આ ક્ષેત્રની નવી ટેકનોલોજીઓ અને ઈનોવેશન્સ પણ પ્રદર્શિત કરશે. ઉપરાંત તે ઉત્પાદકોને નિકાસ બજાર માટે અજોડ પ્રોડક્ટો વિકસાવવા માટે પ્રોત્સાહન આપવા સાથે ઘરઆંગણાની અને આંતરરાષ્ટ્રીય બજારો માટે પ્રત્યક્ષ નેટર્વકિંગ તકો પણ સ્થાપિત કરવામાં મદદરૂપ થશે. દરમ્યાન ટીડીએફના પ્રેસિડેન્ટ સિદ્ધેશ્વર ગદામે જણાવ્યું કે, ભારત એશિયા-પેસિફિક હોમ ટેક્સટાઈલ્સ બજારમાં તૃતીય સૌથી વિશાળ બજાર હિસ્સો ધરાવે છે, જે ભારતમાં ૨૦૧૪માં અંદાજિત ૩.૭ અબજ ડોલરનો હતો અને ૨૦૨૦ સુધી ૫.૬ અબજ ડોલરે પહોંચવા માટે ૨૦૧૫ અને ૨૦૨૦ વચ્ચે ૭.૨ ટકાની સીએજીઆરે દુનિયામાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામવાની ધારણા છે.

## કુડાસણમાં નિઃશુલ્ક એકયુપ્રેશર સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

કુડાસણ ખાતે ૩૧મી ઓગષ્ટ શનિવારના રોજ વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે એકયુપ્રેશર સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ સવારે ૧૦થી ૧૨.૩૦ તથા સાંજે ૪થી ૭ કલાક દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ, દુ. નં. ૧૨૧ ખાતે યોજાશે. જેમાં કમર દર્દ, મણકા, સાંધા, ગરદન, માથુ, હાથ પગનો દુઃખાવો, સાંધા, ગરદન, વા, નસ સહિત અન્ય રોગો માટે સુજોક થેરાપી એકયુપંચર, મેગ્નેટ થેરાપી અને એકયુપ્રેશર થેરાપીનો ઉપયોગ કરીને નિદાન કરવામાં આવશે. સંસ્થા દ્વારા નગરજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

**જાહેર નિવિદા**

સરકારી પોલિટેકનીક સેકટર-૨૬, ગાંધીનગર ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૧૨-૯-૨૦૧૯ના રોજ બપોરે ૩.૦૦ કલાકે સંસ્થા ખાતે રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય
સરકારી પોલિટેકનીક, ગાંધીનગર

માહિતી/૧૦૦૭/૧૯-૨૦